# ફરવા જવાનો વાઈરસ વકર્યો છે!




ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

માછલીને તરવા, ગાયને ચરવા અને ગુજરાતીને ફરવા, જોઈએ જ! પેલી કહેવત છે ને ‘હસે તેનું ઘર વસે’ પણ હવે નવી કહેવત એવી પણ કહી શકાય કે ‘ફરે તેનું ઘર તરે (ચાલે)’ ફરવા ન જાય તો બખેડો થાય. છેલ્લા દાયકામાં જે લોકોના લગ્ન થયા તેમના માટે આ મુદ્દો ખાસ છે કે તેણે ઘર ચલાવવું હોય તો વર્ષમાં ઓછામાં ઓછું બે વાર તો ફરવા જવું જ પડે અને એ ય પાછું ગુજરાત બહાર! ગુજરાતમાં જ ફરો એ તો અપડાઉન કર્યા બરોબર ગણાય. ગુજરાતીઓ માટે હવે ફરવું ફરજિયાત થઈ ગયું છે. તેથી મોટાભાગના ગુજરાતીઓ એંસી ટકા ઉનાળો તો ટ્રેનમાં અને રેલ્વે પ્લેટફોર્મ પર વિતાવે છે.

એ તો એક વાત યાદ આવી ગઈ કે ગામડામાં માલધારીએ પાળેલી ભેંસોને પોતાના ખીલે જોઈએ તે બધું જ ભરપૂર ખાવા મળતું હોય છતાં ખીલે ને ખીલે ખાઈ ખાઈને કંટાળે તો પછી એ શિંગડું મારે. તેથી તેનો પગ છૂટ્ટો કરવા પહાર્ય ચારવા જવું પડે. (એટલે કે ચરાવવા લઈ જવી પડે.)

ઘરવાળીને લઈને ગુજરાતમાં ગમે તેટલુ ફરો તો તે ફર્યાં ના ગણાય. એ તો જરા આંટોફેરો મારી આવ્યા ગણાય, પણ આવા આંટા મારવામા જ આંટા આવી જતા હોય છે. પતિ પત્ની સજોડે જૂનાગઢના ઉપરકોટના કિલ્લાની અતિ વજનદાર તોપને બાથ ભરીને ગમે તેટલા ફોટા પડાવ્યા હોય તો પણ તેને સોશિયલ મીડિયા પર મૂકવાથી વજન પડતું નથી. આવા ફોટા જોઈને કોમેન્ટમાં અમુક અળવીતરા લખે કે ‘બ..અ..અ..સ, ખાલી જુનાગઢ જ! અલખ નિરંજન!’ તો કોઈ વળી લખે ‘ફૂટેલી તોપ’ એટલે ફોટા મૂક્યા પછી પત્નીના નાના અને મોટા એમ બેઉ મગજ વચ્ચે મગજમારી થાય કે જઈ જઈને જૂનાગઢ શું ગયા! તો કોઈ વળી એવી કરુણ કોમેન્ટ લખે કે ‘અસ્થિ પધરાવવા માટે જૂનાગઢનો દામો કુંડ અત્યંત પવિત્ર સ્થળ છે. હરિ ૐ’ ધારો કે પાવાગઢ ગયા હો અને ત્યાંના ફોટા મૂકો તો અમુક લોકો કોમેન્ટમાં લખે કે ‘અમે તો કેટલી વાર પાવાગઢ જઈ આવ્યા એ ય હવે તો યાદ નથી! અમે તો જાણે કે પાવાગઢનો પાસ કઢાવ્યો છે.’ તો કોઈ વળી ફોન કરીને પણ કહે કે ‘અમે તો એટલી વાર પાવાગઢ ગયા છીએ કે પાવાગઢના પાવા વેચવાવાળા પણ અમારા ભાઈબંધ થઈ ગયા છે.’ વળી કેટલાક તો એવું માને કે પાવાગઢ તો માનતા(ટેક) હોય તો જ જવાનું હોય ને એટલે લખે કે ‘પાવાગઢ ગયા પછી તમારા એમને વિચારવાયુ થયું’ તું, તે સારું થયું કે!’ આવી બધી કોમેન્ટ વાંચીને પ્રવાસીને (કુ)વિચારવાયુ થઈ જાય.

આપણે ગુજરાતમાં ઘણા બધા સ્થળોએ ફરી આવીએ અને ફોટા મૂકીએ તો ઘણા લોકો એવું માની લે કે ‘ભાઈ હમણાં નવાસવા કંડકટરમાં ભરતી થયા લાગે છે.’ કોવિડ પછી લોકોના મનમાં એવા વિચારોએ ઉપદ્રવ મચાવ્યો કે ‘હરો ફરો ને મોજ કરો, શું ભેગું લઈ જવાનું છે!’ આમ કોરોનાના વાઈરસ પછી આ ફરવાનો વાઈરસ એવો વકર્યો કે તેની ચેઈન તોડવા સરકારે ફરવા પર પાંચ વર્ષનું લોકડાઉન લાદવું જોઈએ, તો કેટલાય પતિઓના આશીર્વાદ મળે. બાકી ગુજરાત બહાર ફરવામાં તો કેટલાક ય પતિની પથારી ફરી જાય છે.

‘ગુજરાતમાં ફરવું’ તેની તો કોઈ નોંધ પણ નથી લેતું. આપણે પંદર-પંદર દિવસ સુધી મકાનને તાળા મારીને ફરવા નીકળી ગયા હોય અને રોજ સોશિયલ મીડિયા પર ફોટા મૂકીએ છતાં ય આવા મકાનના તાળા તોડવાની તસ્દી તો ચોરેય ઉઠાવતા નથી. તેને થાય કે આપણે મહેનત તો બધે સરખી જ કરવાની છે તો પછી લોકલિયામાં શું હાથ નાખવો. એ લોકો એમ માને કે જૂનાગઢ ને પાવાગઢ, ચાંપાનેર ને વાંકાનેર, સમાણા ને મહેસાણા, કાગવડ ને ભાણવડ, વડોદરા ને કડોદરા, સીદીસૈયદની જાળી ને જય ભદ્રકાળીમાં જ ફરતા હોય તેના તાળાં તોડયે બે પાંદડે ન થવાય. તેના ઘરમાંથી તોતિંગ વકરો ન થાય અને આપણા ધંધામાં ‘ઓછા નફે જાજો વેપાર’ નું સૂત્ર અપનાવી શકાય એમ નથી, એટલે લોકલ ટુરિસ્ટસને તો તેઓ લિસ્ટમાંથી જ કાઢી નાખે.

ગુજરાતમાં જ ફરીને ખર્ચો ભલે તમે કૂલુમનાલી કે સિક્કિમ, અરુણાચલમાં ફર્યા હો એટલો જ કરી નાખ્યો હોય, પણ સિકકા ન પડે. ગુજરાતની ટૂરમાંથી આવ્યા પછી ‘ફલાણે ગયા’તા,ને પછી ઢીંકણે ગયા’તા,’ની વાત કરીએ તોય સામેવાળા સોગિયું ડાચું કરીને બોલે. (કેમ જાણે ટિકિટ ભાડું તેણે આપ્યું હોય.) ‘ઠીક છે આટો મારી આવ્યા’ને! એ બહાને પગ છૂટો થાય બીજું શું!’ અલ્યા પગ છૂટો કરવાના પંચોતેર હજાર થયા. તોય કેરલા કે કાશ્મીર ગયા હોય તેવી નોંધ તો ન જ લેવાય. બાકી નોન એ. સી. એવા સાદા સ્લીપર ડબ્બામાં કેરલા જઈ, ત્યાં ધર્મશાળામાં રોકાઈને બે ચાર ઈડલી સંભાર ખાઈ, બે-ચાર તરોફા પીને પાછા આવતા રહો અને પછી વાત કરો, તો જેઠાલાલ જે રીતે રસપૂર્વક બબીતાની વાત સાંભળે એ રીતે લોકો રસપૂર્વક તમારી વાત સાંભળે અને હજુ તો વાત પૂરી કરો ન કરો ત્યાં તો તે બોલી ઊઠે, “ કેરલા તો કેરલા છે ભૈ! હિલ્સ, વેલ્લી, રીવર્સ, ગ્રીનરી, નેચર, ઓ..હો..હો..હો.! એક જુઓ ને એક ભૂલો.’ ખરેખર તો એને કેરલા કઈ દિશામાં આવ્યું એ પણ ખબર ન હોય, પણ જાણે કેરલાની ગલીએ ગલી પોતાના પગ તળે ઘસી નાખી હોય એવી રીતે વાત કરે.( જો વાતો જ કરવી હોય તો એમ જ કરાય, જરાય મોળા નહિ પડવાનું!) કેટલાક પોતે ઉત્તરાખંડ,ઝારખંડ કે બુંદેલખંડ, કે પછી છત્તીસગઢ કે કુંભલગઢ આંટો મારી આવ્યા હોય અને આપણે ગુજરાતમાં ફર્યા હોય, પણ પોતે જાજા કિલોમીટર કાપી આવ્યા અને જાજા રૂપિયા વાપરી આવ્યા એ વાત કહેવાના ઊભરા દિવસમાં સાડી સતરવાર ગળા સુધી આવી જતા હોય છે. બસ કોઈ જરા-તરા પૂછે એટલી જ વાર! શરૂ થઈ જાય. આમાં પેલા કવિઓ જેવું છે. એકવાર હું હાસ્યનો કાર્યક્રમમાં આપવા જઈ રહ્યો હતો. અમે એક મોટી કારમાં સાત આઠ જણ હતા. હું બે કવિઓની વચ્ચે બેઠો હતો. તેમાંથી એક કવિ કાવ્યોતેજક થઈ કવિતા સંભળાવવા ધલવલી રહ્યા હતા, પણ કોઈ તેમને કહેતું નહોતું કે ‘કવિતા સંભળાવો.’ તેથી તેમણે દાવ અજમાવ્યો. તેમણે મને કહ્યું કે ‘‘લેખકજી, તમે કવિતા સંભળાવો.’ મેં કહ્યું, “ભાઈ હું કવિ નથી. હું તો નિર્દોષ માણસ છું. હું કવિતા ક્યાંથી સંભળાવું!”

આટલું કહીને અટકી ગયો. તેની ધારણા એવી હતી કે હું સામે એમ કહીશ કે ‘તમે કવિ છો માટે તમે કવિતા સંભળાવો.’ પણ તેનું પરિણામ મને ભારે પડે એમ હતું એટલે હું ચૂપ જ રહ્યો. છેવટે કવિએ જ કહ્યું, “જુઓ મિત્રો, લેખકજી કવિતા નથી સંભળાવતા તો કોઈ વાંધો નહીં. ચાલો એમના વતી હું તમને મસ્ત મજાની કવિતાઓ સંભળાવી દઊ. તમારે એમ માનવાનું કે તેઓ જ કવિતા સંભળાવી રહ્યા છે.” આમ કહી તેમણે લગભગ દોઢ ડઝન કવિતાઓ વરસાવી.

**લોકોના મનમાં એવા વિચારોએ ઉપદ્રવ મચાવ્યો કે ‘હરો ફરો ને મોજ કરો, શું ભેગું લઈ જવાનું છે!’ આમ કોરોનાના વાઇરસ પછી આ ફરવાનો વાઇરસ એવો વકર્યો કે તેની ચેઇન તોડવા સરકારે ફરવા પર પાંચ વર્ષનું લોકડાઉન લાદવું જોઈએ, તો કેટલાય પતિઓના આશીર્વાદ મળે.**

આવું જ કંઈક પેલા ગુજરાત બહાર ફરવા ગયેલાનું હોય છે. તે ભાઈએ મને પૂછ્યું, “આ વેકેશનમાં ક્યાં ફરી આવ્યા?” મેં કહ્યું, “ગુજરાતમાં જ!” પછી મેં સામે પૂછ્યું નહીં કે તમે..એ..? છતાં તેઓ બોલ્યા કે ગુજરાતમાં તો અમે બહુ ફરી લીધું, એટલે આ વખતે ઉતરાખંડની ટૂર કરી. આમ કહી તેમણે શબ્દના સથવારે અમને આખા ઉત્તરાખંડનો અખંડ પ્રવાસ કરાવ્યો. તેને બિચારાને થાય કે સાલું પંચોતેર હજાર જેવું ખર્ચી આવ્યા’ને કોઈને કહીએ નહીં તે કેમ ચાલે. આમ તેઓ જ્યાં સુધી બીજા કોઈને કહે નહીં ત્યાં સુધી તેમનું મગજ ઉત્તરાખંડના જંગલો અને પહાડોમાં જ આંટા માર્યા કરે અને કદાચ એમાં આંટા છટકી પણ જાય! આખી વાર્તાને અંતે તેમણે સામેથી કહ્યું, “હું તમને વોટ્સએપમાં બધા ફોટા મોકલી આપું છું. જો જો, બહુ મજા આવશે અને તમારે એ બાજુનું પ્લાનિંગ કરવું હોય તો પણ કામ લાગશે.”

આમ કહી તેમણે એટલા બધા ફોટા મોકલ્યા કે મારો ફોન બેભાન થઈ ગયો. તેનાથી છૂટા પડ્યા પછી તરત જ મેં તેને ‘ઊંચો અંગૂઠો’ મોકલી. બધા ફોટા ડીલીટ કર્યા. પછી મારો ફોન ભાનમાં આવ્યો. માટે હવે આ વેકેશનમાં જે કોઈ મળે અને તેના ચહેરા પર ઉત્સાહના ભાવ દેખાતા હોય, તો તેને ખાસ પૂછવું કે ‘આ વેકેશનમાં ક્યાં ફરી આવ્યા!?’ બહુ મોટા આશીર્વાદ મળશે.

## -:: ગરમાગરમ ::-

આપણા ગુજરાતી કલાકારે કોઈ વિદેશના કાર્યક્રમમાં “ચુપકે ચુપકે રાત દિન, આંસુ બહાના યાદ હે..,” એ ગઝલ ગાઈ. પણ તેમાં.. ‘દો પહર કી ધૂપ મેં, મેરે બુલાને કે લિએ’ શેર ન ગાયો. એટલે ગઝલ પૂરી થયા પછી તરત જ એક ગુજરાતી શ્રોતા તેમની પાસે ગયો અને પૂછ્યું, “રાજકોટના છો ને!”